જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વધઇ,
જી. ડાંગ ખાતે ડાંગીની અનામત જગ્યા ઉપર
પી.ટી.સી. પ્રવેશ અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : ટીસીએમ/૧૪૦૨/૨૧૪૭/ન,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : - 5 JUN 2003

વંચાણમાં લીધા :- (૧) શિક્ષણ વિભાગનો તા.૮/૧૧/૮૯નો પત્ર ક્ર. ટીસીએમ/૧૪૮૮/૨૫૩૬/૮૯/ન,
(૨) નામદાર ગુજરાત હાઇકોર્ટનો સ્પે. સી. અ. નં. ૧૧૪૯૧/૨૦૦૨નો તા.૩/૧૨/૨૦૦૨ નો ઓરલ ઓર્ડર.
(૩) પ્રાથમિક શિક્ષણ નિયા.શ્રીનો તા.૪/૧/૨૦૦૩નો પત્ર નં. તાલીમ-૧/પ્રવેશ/૪/૭૯.

ઠ રા વ :-

આમુખ ક્રમાંક : (૧) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૮/૧૧/૧૯૮૯ના પત્રથી વધઇ, જી.ડાંગ ખાતે શરુ થનાર જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં પી.ટી.સી. પ્રવેશ વખતે ૫૦ ટકા બેઠકો ડાંગી ઉમેદવારો માટે અનામત રાખવા સૂચના આપવામાં આવેલ છે. સદરહુ સૂચનાઓ ધ્યાનમાં લઇ જૂન-૨૦૦૩ થી જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વધઇ ખાતે શરુ થયેલ પી.ટી.સી. કોલેજમાં પ્રવેશની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. પ્રવેશની પ્રક્રિયા દરમ્યાન છેલ્લે જયારે ૫ (પાંચ) બેઠકો ભરવાની બાકી હતી તે દરમ્યાન ડાંગ જીલ્લાના રહેવાસી હોય પરંતુ ધોરણ-૧૨ ની પરીક્ષા ડાંગ જીલ્લા બહારની શાળામાંથી પાસ કરેલ હોય, પરિણામે પ્રવેશથી વંચિત રહેલ ઉમેદવારોએ સ્પે. સી. એ. નં. ૧૧૪૯૧/૨૦૦૨ થી નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરી દાદ માગી હતી. બંને પક્ષોની દલિલો સાંભળીને પ્રસ્તુત કેસનો આખરી ચૂકાદો ના આવે ત્યાં સુધી તા.૩/૧૨/૨૦૦૨ના વચગાળાના ચૂકાદાથી ડાંગી ઉમેદવારો માટે બેઠકો ભરવા માટે નામદાર ગુજરાત હાઇકોર્ટે નીચે મુજબનો આદેશ કરેલ છે. નામદાર હાઇકોર્ટનો સદર વચગાળાનો આદેશ ધ્યાનમાં લઇ જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વધઇ ખાતે પી.ટી.સી. પ્રવેશ વખતે ડાંગી ઉમેદવારોથી ૫૦ ટકા જગ્યાઓ ભરવા માટે નીચે દર્શાવેલ નિયમો મુજબ અગ્રતા ક્રમ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) પ્રથમ અગ્રતા :-

ડાંગ જીલ્લાની શાળામાં અભ્યાસ કર્યા બાદ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પરીક્ષા ડાંગ જીલ્લાની શાળામાં પાસ કરેલ હોય તેમને પ્રથમ અગ્રતા આપવી.

(૨) બીજી અગ્રતા :-

ઉપર (૧) મુજબ કાર્યવાહી કરવા છતાં બેઠકો ખાલી રહે તો ડાંગ જીલ્લાની શાળામાં અભ્યાસ કર્યા બાદ ધોરણ-૧૨ની પરીક્ષા ડાંગ જીલ્લામાં આવેલ શાળામાંથી પાસ કરેલ હોય તો તેમને બીજા ક્રમે અગ્રતા આપવી.

(૩) ત્રીજી અગ્રતા :-

ઉપર (૧) અને (૨) ની કાર્યવાહી કરવા છતાં બેઠકો ખાલી રહે તો ડાંગ જીલ્લામાં શાળાકીય અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ડાંગ જીલ્લામાં આવેલ શાળામાંથી ધોરણ-૧૦ ની પરીક્ષા પાસ કરેલ હોય તેમને ત્રીજા ક્રમે અગ્રતા આપવી.

(૪) ચોથી અગ્રતા :-

ઉપર (૧), (૨) અને (૩) ની કાર્યવાહી કરવા છતાં બેઠકો ખાલી રહે તો ડાંગ જીલ્લાના રહેવાસી હોય પરંતુ ડાંગ જીલ્લા બહાર અભ્યાસ કરેલ હોય તેવા ઉમેદવારોને ચોથા ક્રમે અગ્રતા આપવી.

૨/- સદરહુ હુકમો નામદાર ગુજરાત હાઇકોર્ટની સ્પે. સી. એપ્લી. નં. ૧૧૪૯૧/૨૦૦૨ ના આખરી ચૂકાદાને આધિન રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. કે. ભાવસાર )
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
પ્રાચાર્યશ્રી, જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વઘઇ, જી. ડાંગ.
સિલેક્ટ ફાઇલ/ નાયબ સેક્શન અધિકારી,
સિલેક્ટ ફાઇલ/ શાખા.